GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JULY– DEC., 2023 Number 24



*My life is My Message*

**Chief Editor**

**Dr R. F. Thakor**
Senior Scientist & Head

**Editorial Team**

Shri K. A. Patel
Shri A. R. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Shri P. R. Patel
Smt A. H. Solanki

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## Seminar on Natural Farming

A seminar on Natural Farming was organized by Krishi Vigyan Kendra, Valsad on 14th August,2023 under the chairman ship of Shri Acharya Devvratji, Hon'ble Governor of Gujarat in presence of Shri Bhupendra Patel, Hon'ble Chief Minister of Gujarat under the guidance of Dr. Harshadbhai Patel, Secretary, Gujarat Vidyapith. On this occasion, Minister of finance Shri Kanubhai Desai, Member of Parliament Dr. K. C. Patel, President, District Panchayat Smt. Alkaben Shah, MLA, Kaprada Shri Jitubhai Chaudhary, District collector, DDO and other dignitaries remained present. More than 1800 farmers along with the officials of KVKs and Line departments attended the programme.




Hon'ble Chief Minister of Gujarat in his key note address urged farmers to revive already depleted natural resources by propagating natural farming to save the soil, water, environment, animal and human health and ultimately overall agro eco systems.



In his presidential address Hon'ble Governor stressed upon the preserving of Natural biodiversity and climate resilient technologies for sustainable agriculture. He emphasized that cow based natural farming is the most important way and alternate of agro ecological sustainability to mitigate and address the climate change as well as chemical free agriculture. Shri Jatinbhai Patel and Shri Rohitbhai Patel, both farmers practicing natural farming shared their experiences on natural farming.
All the dignitaries visited the stalls exhibiting natural farming products and millet base value added products.

## પ્રાકૃતિક ખેતી પરિસંવાદ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી જિ- વલસાડ ખાતે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તારીખ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ **પ્રાકૃતિક ખેતી પરિસંવાદ**નું આયોજન ગુજરાત વિદ્યાપીઠના મંત્રીશ્રી ડૉ. હર્ષદભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, સંસદસભ્યશ્રી ડૉ. કે.સી. પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલકાબેન શાહ, કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઇ ચૌધરી, જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનિષ ગુરવાણી, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદમાં જિલ્લાના ૧૮૦૦થી વધુ ખેડુતોએ ભાગ લીધો હતો.

માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ખેડુતોને પ્રાકૃતિક ખેતી વિશે પ્રોત્સાહિત કરતાં જણાવેલ કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રાકૃતિક ખેતીને દેશમાં ગતિ આપી છે. આવનારી પેઢીને સ્વસ્થ અને સશક્ત બનાવવા માટે રાજ્યપાલશ્રીના પ્રયાસોથી પ્રાકૃતિક ખેતી જન અભિયાનના રૂપમાં ગામેગામ પહોંચી રહી છે. માનનીય રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ કરીને ધરતી માતાને જીવંત બનાવી અળસિયા અને સૂક્ષ્મ જીવો આધારિત પ્રાકૃતિક ખેતી કરવા માટે ખેડુતોને પ્રેરિત કર્યા હતા. પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો શ્રી જતીનભાઇ અને રોહિતભાઇએ પોતાના અનુભવ રજૂ કર્યા હતા. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતીને અનુરૂપ કૃષિ પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ.

## Dignitaries visit to KVK

## મહાનુભાવોની કેવીકે મુલાકાત







Hon'ble Governor of Gujarat Shri Acharya Devvratji, Hon'ble Chief Minister of Gujarat Shri Bhupendra Patel along with Minister of finance Shri Kanubhai Desai, Member of parliament Dr. K. C. Patel, MLA Shri Jitubhai and District collector visited Krishi Vigyan Kendra and observed Natural Farming unit.

મહામહિમ રાજ્યપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, સંસદસભ્યશ્રી ડો. કે.સી. પટેલ, કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઇ ચૌધરી, જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે સહિતના મહાનુભાવોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તેમજ ગૌશાળા અને પ્રાકૃતિક કૃષિ તાલીમ વ નિદર્શન એકમની મુલાકાત લીધી હતી અને કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક ખેતીના વ્યાપક પ્રચાર માટે કરવામાં આવતી કામગીરીથી વાકેફ થયા હતા.

## Viksit Bharat Sankalp Yatra

## વિક્સિત ભારત સંકલ્પ યાત્રા











Viksit Bharat Sankalp Yatra was organized in all villages of Valsad district to aware the peoples about various schemes of government. KVK participated in the VBSY programmes organized in 246 villages of all six blocks during 15/11/2023 to 31/12/2023. KVK experts delivered lectures on natural farming, soil health management, drone technology, etc. More than 81636 farmers and farm women participated in this programme. Hon. Ministers, MP, MLA, President of District Pachayat, other dignitaries and officers guided the people about various schemes of Government. The beneficiaries PM Kisan Samman Nidhi, Natural Farming and other schemes shared their experiences.

સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે જાગૃત્તતા કેળવાય તે હેતુથી જિલ્લાના દરેક ગામોમાં વિક્સિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ. તા. ૧૫/૧૧/૨૩ થી ૩૧/૧૨/૨૩ દરમ્યાન વલસાડ જિલ્લાના છ તાલુકાના ૨૪૬ જેટલા ગામોમાં આયોજીત વિક્સિત ભારત સંકલ્પ યાત્રા રથના કાર્યક્રમોમાં કેવીકેના તજજ્ઞોએ હાજર રહી અંદાજે ૮૧૬૩૬ જેટલા ખેડુત ભાઇ બહેનોને પ્રાકૃતિક ખેતી, જમીન સ્વાસ્થ્ય વ્યવસ્થાપન, ડ્રોન ટેકનોલોજી વગેરે વિષયો પર માર્ગદર્શન આપવામાં આવેલ. જુદા જુદા કાર્યક્રમોમાં મંત્રીશ્રીઓ, સાંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તથા અન્ય મહાનુભાવો તેમજ વિવિધ ખાતાના અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી સરકારશ્રીની વિવિધ યોજના અંગે લોકોને માહિતગાર કર્યા હતા. પી.એમ. કિસાન, પ્રાકૃતિક ખેતી તથા અન્ય યોજનાના લાભાર્થીઓ દ્વારા પોતાના અનુભવો રજૂ કરવામાં આવેલ.

## Promotion of Natural Farming

For promotion of Natural Farming in South Gujarat, KVK Valsad organised 19 residential training programmes of two days duration on natural farming for technical and farmer master trainers (TMT/FMT) in collaboration of ATMA Project. Total 494 master trainers (251 technical and 243 farmers master trainers of seven districts of South Gujarat participated. During the training programmes, the details on different aspects of natural farming like importance and role of Desi cow, microorganisms, earthworms, preparation of Jivamrit/ Ghan Jivamrit and Bijamrit, mulching, vapsa condition and irrigation management, mix cropping, crop protection in natural farming, natural enemies of pest diseases, Jantunashak astro like Neemastra, Brahmastra, Agnistra, Dashparni Ark, etc. were discussed.






## પ્રાકૃતિક ખેતી પ્રચાર પ્રસાર

દક્ષિણ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે કેવીકે, અંભેટી દ્વારા આત્મા પ્રોજેક્ટના સહયોગથી પ્રાકૃતિક ખેતી અંગેના બે દિવસીય કુલ ૧૯ તાલીમ કાર્યક્રમોનું આયોજન કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું. જેમાં દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓમાંથી કુલ ૪૯૪ માસ્ટર્સ ટ્રેનર્સ (૨૫૧ ટેકનીકલ અને ૨૪૩ ફાર્મર માસ્ટર્સ ટ્રેનર્સ) ભાગ લીધો હતો. આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો જેવાકે દેશી ગાય અને સૂક્ષ્મ જીવાણુઓ, અળસિયાનું મહત્વ, જીવામૃત/ઘનજીવામૃત, બીજામૃતનું મહત્વ અને બનાવવાની પધ્ધતિ, આચ્છાદન, વાપસા અને પિયત વ્યવસ્થાપન, સહજીવન: મિશ્રપાકો, પાક સંરક્ષણ- જીવાતના કુદરતી દુશ્મનો, રોગ પ્રતિકારક શક્તિ અને જંતુનાશક અસ્ત્રો જેવાકે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણી અર્ક, વગેરે વિષયોની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી.

## FLD during Kharif 2023 (અગ્ર હરોળ નિદર્શનો- ખરીફ ૨૦૨૩)

| Crop<br>પાક | Variety/Technology<br>જાત/ તાંત્રિક્તા | Area (ha)<br>વિસ્તાર(હે) | No.of Farmers<br>ખેડુતો | Villages<br>ગામો | Increase in Yield(%)<br>ઉત્પાદનમાં વધારો |
|---|---|---|---|---|---|
| Paddy<br>ડાંગર | Sardar<br>સરદાર | 25.00 | 125 | Sadadvera, Samarsingi, Nimkhal, Chival, Arnala, Goima, Kachval<br>સાદડવેરા, સામરશીંગી, નીમખલ, ચીવલ, અરનાલા, ગોઇમા, કચવાલ | 21.50 |
| Paddy<br>ડાંગર | GNR-9<br>જી.એન.આર-૯ | 5.0 | 25 | Sadadvera, Samarsingi, Nimkhal, Chival, Goima, Kachval<br>સાદડવેરા, સામરશીંગી, નીમખલ, ચીવલ, ગોઇમા, કચવાલ | 31.90 |
| Nagli<br>નાગલી | Guj.Nagli- 9<br>ગુ.નાગલી- ૯ | 40.00 | 75 | Chandvegan, Veribhavada, Chepa, Moti Palsan, Kaprada<br>ચાંદવેગણ, વેરીભવાડા, ચેપા, મોટી પલસણ, કપરાડા | 20.57 |
| Bittergourd<br>કારેલા | Hybrid Var. Akash<br>હાઇબ્રીડ જાત આકાશ | 2.50 | 25 | Chandvegan<br>ચાંદવેગણ | 19.85 |
| Pigeon pea<br>તુવેર | G.T.105<br>જી.ટી.૧૦૫ | 5.1 | 51 | Panchlai, Arnala, Khutli<br>પંચલાઇ, અરનાલા, ખુંટલી | 36.11 |
| Paddy<br>ડાંગર | Ghan Jivamrut, Depog Nursery<br>ઘન જીવામૃત, ડેપોગ | 8.0 | 40 | Dhodhadkuva, Moti Palsan, Karjun<br>ધોધડકુવા, મોટી પલસણ, કરજુન | 9.12 |
| Mushroom<br>મશરૂમ | Oyster<br>ઓઇસ્ટર | — | 22 | Pati, Tarmaliya, Kakadkopar, Dhodhadkuva, Ambach<br>પાટી, તરમાલીયા, કાકડકોપર, ધોધડકુવા, અંબાચ | — |
| Nutigarden<br>ન્યુટ્રી- ગાર્ડન | Gangama model<br>ગંગામા મોડલ | — | 50 | Amdha, Panas<br>આમધા, પાનસ | — |



Paddy Var. Sardar



Nagli



Pigeonpea



Bittergourd

## Training on Power tiller mainte-

Vocational training on power tiller repairing and maintenance was organized for rural youth during 11th to 16th Sep., 2023 at KVK in collaboration with VST, Gandevi. In which 25 trainees were practically trained on on power tiller repairing and maintenance by Shri P. J. Joshi, Agri. Engineer, KVK.



## પાવર ટીલર મરામત તાલીમ

તા. ૧૧ થી ૧૬, સપ્ટેમ્બર દરમ્યાન વી.એસ.ટી., ગણદેવીના સહયોગથી કેવીકે ખાતે પાવર ટીલર રીપેરીંગ અને જાળવણી અંગે ગ્રામ્ય યુવાઓ માટે વ્યવસાયલક્ષી તાલીમ ગોઠવવામાં આવેલ. જેમાં ૨૫ તાલીમાર્થીઓને કેન્દ્રના કૃષિ ઇજનેરશ્રી પી. જે. જોષી દ્વારા પાવર ટીલર રીપેરીંગ અને જાળવણી અંગે પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી.

## Field Days

KVK organized field days on various demonstrations conducted in Kharif-2023. Field day on paddy at Sadadvera, field day on fingermillet at Motipalsan and field day on dapog method of paddy nursery at Chavshala were organized to know the feed back of demonstrations in which about 156 farmers were participated.




## ક્ષેત્ર દિન

કેવીકે દ્વારા ખરીફ ઋતુ દરમ્યાન ગોઠવેલ અગ્ર હરોળ નિદર્શનો અંતર્ગત ડાંગર પાક પર સાદડવેરા ખાતે, નાગલી પાક પર મોટી પલસણ ખાતે અને ડાંગરમાં ડેપોગ ધરૂવાડિયા પર ચાવશાળા ખાતે ક્ષેત્ર દિનો ગોઠવવામાં આવેલ. જેમાં કુલ ૧૫૬ જેટલા ખેડુતોએ ભાગ લઇ નિદર્શનોના પ્રતિભાવ જણાવ્યા હતા.

## Celebration of Important Days

KVK celebrated ICAR foundation day on 16th July, KVK establishment day on 21st Sep., World food day on 16th Oct., World soil day on 5th Dec. and National Farmers Day on 23rd Dec., 2023 in which more than 1755 farmers and farm women were guided on various aspects by the experts of KVK.



## મહત્વના દિવસોની ઉજવણી

કેન્દ્ર દ્વારા તા. ૧૬/૦૭/૨૩ ના રોજ આઇસીએઆર સ્થાપના દિવસ, તા. ૨૧/૦૯/૨૩ ના રોજ કેવીકે સ્થાપના દિવસ, તા. ૧૬/૧૦/૨૩ ના રોજ વિશ્વ અન્ન દિવસ, તા ૦૫/૧૨/૨૩ ના રોજ વિશ્વ જમીન દિવસ અને તા. ૨૩/૧૨/૨૩ ના રોજ રાષ્ટ્રીય કિસાન દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં કુલ ૧૭૫૫ જેટલા ખેડુત ભાઇ બહેનોએ ભાગ લીધો હતો.

## Farm Input Production

To increase the area under HYVs, about 6752 kg seed of improved varieties of paddy and 100 q seed material of sugarcane and about 40,000 seedlings of vegetables were provided to more than 800 farmers of different villages. To promote the natural and organic farming, 6400 kg vermicompost, 14 kg vermiculture, 2420 kg Ghanjivamrit and 563 lit. Agniyastra were supplied to about 476 farmers.

## બિયારણ / ઇનપુટ ઉત્પાદન

સારી જાતોનો વ્યાપ વધે તે હેતુથી કેન્દ્રના નિદર્શન ફાર્મ ખાતે તૈયાર કરી ડાંગરનું ૬૭૫૨ કીલો બિયારણ, શેરડીનું ૧૦ ટન બિયારણ અને શાકભાજીના ૪૦૦૦૦ જેટલા રોપા કુલ ૮૦૦થી વધુ ખેડુતોને પુરા પાડવામાં આવેલ. આ ઉપરાંત, પ્રાકૃતિક તથા સજીવ ખેતીના પ્રોત્સાહન માટે વર્મીકમ્પોસ્ટ ૬૪૦૦ કીલો, વર્મીકલ્ચર ૧૪ કીલો, ઘન જીવામૃત ૨૪૨૦ કીલો અને જંતુનાશક અસ્ત્રો ૫૬૩ લી. તૈયાર કરી ૪૭૬ ખેડુતોને પુરુ પાડવામાં આવ્યું.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191